જંગલેશ્વરમાં ડિમોલિશનની અણીએ બેઠેલા પરિવારો રાજકોટ કલેક્ટર કચેરીએ રડ્યા

પહેલી નોટિસ મળતા ઘરવાળાએ આપઘાત કર્યો':'ચાર પેઢીથી અહીં રહીએ છીએ, લોન લઈ મકાન બનાવ્યા:વૈકલ્પિક જગ્યા સ્વરૂપે આવાસ ફાળવવા માગણી

રાજકોટ:રાજકોટના જંગલેશ્વરમાં ૪૦૦ કરોડની સરકારી જમીન પર ખડકાયેલી ૧૩૫૮ મિલકતધારકોને ડિમોલિશનની આખરી નોટિસ ટોક ઓફ ધ ટાઉન બની છે. સ્થાનિકોની વહારે કોંગ્રેસ સભા ગજવી ચૂકી છે. અહીં રહેતા ૧૫,૦૦૦ જેટલા લોકો બેઘર થવાના હોવાથી દબાણ દૂર કરવા સમય આપવાની સાથે વૈકલ્પિક જગ્યા સ્વરૂપે આવાસ ફાળવવાની માગણી કરવામાં આવી છે.જોકે આજે કલેક્ટરે વધારાનો સમય આપવાની માગણીને ફગાવી દીધી છે, કારણ કે દબાણકર્તાઓને સાંભળવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો, જેથી હવે ડિમોલિશન થશે એ નક્કી છે. આ સાથે જ હવે રાજકોટ જિલ્લામાં સરકારી કે ગૌચરની જમીન પરના દબાણની રેવન્યુ ઓફિસર્સ ડાયરીમાં નોંધ રહેશે અને એ મુજબ સરકારી જગ્યાઓ ખાલી કરાવવામાં આવશે.ડિમોલિશનની કલેક્ટર તરફથી આખરી નોટિસ મળતાં સ્થાનિકો એકત્ર થયા હતા અને પોતાનું દર્દ વ્યક્ત કર્યું હતું. લોકોએ કહ્યું કે, એકસાથે ૨ હજાર પરિવાર ક્યાં જશે? મકાન પણ ભાડે મળે એમ નથી, આ મામલે કલેક્ટર તંત્રએ યોગ્ય સમય આપવો જોઈએ.રાજકોટ જંગલેશ્વર વિસ્તારમાં ૧૩૫૭ જેટલા લોકોને નોટિસ પાઠવી ૭ દિવસમાં જગ્યા ખાલી કરી દેવા માટે તંત્રએ આપવામાં આવેલી નોટિસ બાદ આજે મોટી સંખ્યામાં લોકો જિલ્લા કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા છે. લોકોનાં ટોળાં આવી પહોંચતાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓને અહીં બંદોબસ્ત માટે ગોઠવી દેવામાં આવ્યા છે.

કલેક્ટર કચેરીમાં આજે મોટી સંખ્યામાં અસરગ્રસ્તો ઊમટી પડ્યા છે. આહીર સમાજ, કોળી સમાજ, ભરવાડ સમાજ તેમજ મુસ્લિમ સમુદાયના લોકો સહિત નાડોદાનગર, રાધાકૃષ્ણ પાર્ક, જંગલેશ્વર સોસાયટી, એકતાનગર સહિત અનેક સોસાયટીઓના રહેવાસીઓ કલેક્ટર કચેરી પહોંચ્યા છે. આમાં એક મહિલા વ્હોકરની મદદથી આવી પહોંચી હતી, જેનો એક પગ નથી અને રડતાં અવાજે કહ્યું હતું કે "આમાં અમારે ક્યાં જવું?" આ લોકોનાં મકાનો અને સોસાયટીઓને કપાતમાં મૂકવામાં આવ્યા છે અથવા તેમને અસર થઈ રહી છે, જેના કારણે તેઓ ભારે માનસિક તણાવ અને અસહાયતાની સ્થિતિમાં છે. આ પડાવ દ્વારા અસરગ્રસ્તો તેમની સમસ્યાઓનું નિરાકરણ માંગી રહ્યા છે અને કલેક્ટર કચેરી સમક્ષ રજૂઆત કરી રહ્યા છે.

અનિતાબેન ગોરાસરાએ જણાવ્યું હતું કે, નાડોદાનગર શેરી નંબર-૭માં રહીએ છીએ. પ્રથમ વખત વહીવટી તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી તે બાદ ૩૧ ડિસેમ્બરના બુધવારે મારા પતિ વિપુલભાઈએ ઢસા ગામે કૂવામાં પડી આપઘાત કરી લીધો હતો. મારે બે દીકરા છે જેમાં મોટા દીકરા પર લારી પડી તો આંતરડું તૂટી ગયું. મારી સાથે સાસુ અને સસરા પણ રહે છે. હવે ઘર ખાલી કરાવવામાં આવશે તો અમે રહેવા માટે ક્યાં જશું? તેમ કહી તેઓ રડવા લાગ્યા હતા.માયાબેને જણાવ્યુ હતુ કે, મારા પતિ અરજણભાઈને મગજનું ઓપરેશન હોવાથી તેઓ ૨૫ વર્ષથી પથારીવશ છે. જેથી અમને આવાસ આપવામાં આવે.

રસિદાબેને જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૭૦ વર્ષથી એટલે કે ચાર પેઢીથી અહીં રહીએ છીએ લોન લઈને મકાન લીધા હતા અને હવે વહીવટી તંત્ર એવું કહે છે કે અહીં દબાણ છે મકાન ખાલી કરો તો અમારે જવું ક્યા? અમારા વિસ્તારમાંથી ધનસુખ ભંડેરી સહિતના ચૂંટાઈને ગયા પણ અત્યારે એક પણ કોર્પોરેટર કે ધારાસભ્યો અમારા વિસ્તારમાં અમારી સમસ્યા સાંભળવા માટે આવ્યું નથી. હવે અમારે આશરો નથી તો ક્યાં જવું?

જંગલેશ્વરમાં ડિમોલિશનની ચિંતામાં રામપ્રસાદનું હૃદય બેસી ગયું : મોત

રામપ્રસાદ ૧૦ વર્ષથી જંગલેશ્વરમાં રહેતો હતો, નોટિસ બાદથી ચિંતામાં હતો

રાજકોટ:જંગલેશ્વરમાં આજે ૪૪ વર્ષીય રામપ્રસાદનું હૃદય બેસી ગયું અને તેનું મોત નીપજ્યું હતું. પરિવારનો આક્ષેપ છે કે, ડિમોલિશનની ચિંતામાં તેને હાર્ટ એટેક આવી ગયો છે.

મળતી માહિતી અનુસાર, રામ પ્રસાદ માયારામ (ઉંમર વર્ષ ૪૪, રહે.ખોડિયાર મંદિર પાસે, જંગલેશ્વર, રાજકોટ) આજે સવારે ૬ વાગ્યાં આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ છે. પરિવારે જણાવ્યું કે, રામ પ્રસાદને ચાર દીકરા છે. પોતે ૬ ભાઈ અને ૧ બહેનમાં મોટા છે. કારખાનામાં મજૂરી કામ કરતા હતા. તેઓ મૂળ ઉત્તરપ્રદેશના વતની હતા.

પરિવારે આક્ષેપ કરતા જણાવ્યું કે, રામપ્રસાદ પરિવાર સાથે છેલ્લા ૧૦ વર્ષથી જંગલેશ્વરમાં ભાડાની ઓરડીમાં રહેતો હતો. આ મકાન ફરીદભાઈ કાસમભાઈ કોરડીયાનું હતું. જંગલેશ્વરમાં ડિમોલિશન અંગે તંત્ર દ્વારા નોટિસ ફટકરવામાં આવી છે.જેમાં ફરીદભાઈને નોટિસ મળતા તેઓ પણ ત્યાં જ રહેતા હોય, તેણે રામપ્રસાદને વાત કરી હતી કે, હવે તારે અને મારે બેયએ બીજા મકાન શોધવા પડશે. જેથી તું પણ શોધ અને હું પણ શોધું છું. પણ બીજે ભાડા વધુ હોવાથી રામ પ્રસાદએ પોતાની પત્નીને રાત્રે કહ્યું હતું કે, હવે આપણે વતન યુપી ચાલ્યા જશું. ૫ તારીખ સુધીમાં સામાન બાંધી રાખજો.અહીં બીજા મકાનના ભાડા નહીં પોસાય. રાત્રે જમીને બધા સુઈ ગયા. આજે પત્ની રાણીદેવી સવારે ૬ વાગ્યે પાણી આવ્યું ત્યારે ઉઠ્યા પાણી ભરવા માટે પતિને ઉઠાડ્યા પણ ઉઠ્યા નહી. જેથી ઊંઘમાં જ તેનું હૃદય બેસી ગયાનું અનુમાન છે. ડિમોલિશનની ચિંતામાં હતા તેથી હૃદય બેસી ગયું તેવું પરિવારનું કહેવું છે.

ગાંજાનું વેંચાણ થાય તે પહેલાં સપ્લાયર અને રીસીવર ઝડપાયા: રૂરલ એસઓજી ટીમની કાર્યવાહી

રાજકોટ:મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ગાંજાનું વેંચાણ થાય તે પહેલાં સપ્લાયર અને રીસીવરને રૂરલ એસઓજીની ટીમે દબોચી ગાંજાનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. રાજકોટનો પંકજ યાદવ મેટોડા રહેતાં અબીનાશદાસને ગાંજો આપવાં આવ્યો હોવાનું ખુલ્યું હતું.રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ પી.બી.મિશ્રા ટીમ સાથે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં .ત્યારે તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડાને બે શખ્સો મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ગાંજાના જથ્થા સાથે હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે પંકજ અશોકભાઈ યાદવ (રહે.રાજકોટ, પુનીતના ટાંકા પાસે શેરી નં.૧૯, મુળ રહે.ભોજપુર ગામ (બિહાર) અને અબીનાશદાસ જોનદાસ (રહે.હાલ મેટોડા જીઆઈડીસી અંજલીપાર્ક, શેરી નં.૩, રાધેશ્યામ બિલ્ડીગમાં બ્લોક નં.૧૦, મુળ ગામ બારબરી થાના ટીહુ ,આસામ) ને પકડી પાડી ગાંજાનો જથ્થો ૮૦૦ ગ્રામ જેની રૂ.૪૦ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલ રાજકોટ રહેતો બિહારી પંકજ યાદવ ગાંજાનો જથ્થો મેટોડા રહેતાં અબીનાશદાસને સપ્લાય કરવાં આવ્યો હતો. રીસીવર અબીનાશદાસ છૂટકમાં જીઆઈડીસી વિસ્તારમાં ગાંજાનું વેંચાણ કરે તે પહેલાં દબોચાઈ ગયો હતો.

ગોંડલ બસસ્ટેન્ડ પાસે બે બાઈક અથડાયા, ત્રણ યુવક ઘાયલ, એકની હાલત ગંભીર

ગોંડલ:ગોંડલ શહેરના વ્યસ્ત બસસ્ટેન્ડ અને અમુલ ડેરી નજીક મોડી રાત્રે બે બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ત્રણ યુવકોને ઈજાઓ પહોંચી હતી, જેમાંથી એક યુવકની હાલત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, મોવિયા રોડ પર આવેલા ગેસ પંપ પરથી નોકરી પૂરી કરીને ઘરે પરત ફરી રહેલા નિકુંજભાઈ જયેન્દ્રભાઈ ચાવડા (ઉં.વ. ૩૩, રહે. યોગીનગર, ગોંડલ) અને સતીષભાઈ સુનિલભાઈ સરવૈયા (ઉં.વ. ૨૨, રહે. શિવરાજગઢ) એક્ટિવા (GJ-03-FS-3733) પર બસ સ્ટેન્ડ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવી રહેલા કૈલાશભાઈ પર્વતભાઈ સોલંકી (ઉં.વ. ૨૨, રહે. જામવાડી) તેમની હોન્ડા મોટરસાઈકલ (GJ-03-LC-3774) પર સવાર હતા, જેમની સાથે તેમની જોરદાર ટક્કર થઈ હતી.અકસ્માત એટલો ભયાવહ હતો કે તેનો અવાજ સાંભળીને આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. તાત્કાલિક ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાસ્થળેથી થમ્સ અપની એક નાની બોટલ મળી આવી હતી, જેમાં લાલ રંગનું શંકાસ્પદ પ્રવાહી જોવા મળ્યું હતું, જેને લઈને અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.ઈજાગ્રસ્તો પૈકી નિકુંજભાઈ ચાવડાને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તાત્કાલિક રાજકોટ રિફર કરવામાં આવ્યા છે. હાલ આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

માતાનો હાથ પકડ્યો હોવાની અદાવતમાં કારથી કચડી યુવકની હત્યા

વાડીએથી બાઈક પર પરત ફરતા પિતા-પુત્રી પર કૌટુંબિક ભાઈએ જ કાર ચડાવી

રાજકોટ:રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના નાના માત્રા ગામની સીમમાં ગઈકાલે (૨૮ જાન્યુઆરીએ) એક યુવાનની કાર નીચે કચડી હત્યા કરવામાં આવી છે. આ ઘટનામાં યુવાનની ૧૦ વર્ષીય પુત્રીને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. મૃતકે ત્રણ મહિના પહેલા આરોપી(કૌટુંબિક ભાઈ)ની માતાનો હાથ પકડ્યો હતો. જેની અદાવતમાં હત્યા થઈ હોવાનો ખુલાસો થયો છે.પ્રાપ્ત વિગતો અનુસાર ગભરૂભાઈ ગરાભડિયા અને તેની ૧૦ વર્ષીય પુત્રી વાડીએ કામ કરીને બાઈક પર આવી રહ્યા હતા. ત્યારે કૌટુંબિક ભાઈ ભગા ગરાભડીયાએ પોતાની સ્વીફ્ટ કાર તેમના પર ચડાવી દીધી હતી. જેમાં ગભરૂભાઈ અને તેમની ૧૦ વર્ષીય પુત્રી કૈલાશને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.હોસ્પિટલ ખસેડાયા બાદ સારવાર દરમિયાન યુવાનનું મૃત્યુ થયું હતું, જ્યારે તેની પુત્રીની હાલત ગંભીર હોવાથી તેને બોટાદની હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવી છે. ત્યારે આ ઘટનાને લઈ મૃતકની પત્નીની ફરિયાદના આધારે ભગા ગરાભડીયા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આશરે ત્રણ મહિના પહેલા યુવાને આરોપી ભગા ગરાભડીયાની માતાનો હાથ પકડ્યો હતો.જેને લઈ બોલાચાલી પણ થઈ હતી. જો કે બાદમાં સમાધાન પણ કરવામાં આવ્યું હતું. પરંતુ આ મામલે તે સમયે ભગા (આરોપી)એ યુવાનને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ટ્રકે બાઈકને હડફેટે લેતા પત્નીની નજર સામે પતિનું મોત

રાજકોટ:રાજકોટ નજીક હરિપર ગામના પાટીયા પાસે આવેલી બિલટેક કંપનીમાં રહેતા અને ત્યાં જ મજૂરીકામ કરતા રાજુભાઈ કશ્યપ (ઉં.વ.૩૬) અને તેની પત્ની પૂજાબેન રાજુભાઈ કશ્યપ (ઉં.વ.૩૦) ગઈકાલે કારખાનામાં રજા હોવાથી દંપતી બજારમાં ખરીદી કરવા ગયા હતા અને બાઈક પર પરત કારખાને જતા હતા ત્યારે રાત્રે ૮.૩૦ વાગ્યા આસપાસ મેટોડા ગેટ નંબર ૩ પાસે અજાણ્યા ટ્રક ચાલકે બાઈકને હડફેટે લીધું હતું જેમાં રાજુભાઈના માથા અને ચહેરા પર ટ્રકનું વ્હીલ ફરી વળ્યું હતું. જયારે પૂજાબેન રોડની સાઈડમાં ફંગોળાઈ જતા ઈજા પહોંચી હતી. બંનેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં પતિ રાજુને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મૃતક રાજુભાઈને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. તેઓ મૂળ ઉત્તરપ્રદેશના વતની હતા. હાલ મેટોડા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

વિદ્યાર્થીનીએ અભ્યાસના ટેનશનમાં ફિનાઈલ પીધું

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર કેદારનાથ ગેઈટ નજીક રહેતી ૧૬ વર્ષની વિદ્યાર્થિનીએ અભ્યાસના ટેન્શનમાં ફિનાઈલ પી લેતાં સારવાર અર્થે સિવિલ હોસ?પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવની જાણ હોસ?પિટલ ચોકીના સ?ટાફે ભક?તિનગર પોલીસને કરતા પોલીસે વિદ્યાર્થિનીનું નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં વિદ્યાર્થીની ધોરણ ૯માં અભ?યાસ કરતી હોવાનું અને અભ?યાસનું ટેન?શન આવતા ફિનાઈલ પી લીધું હોવાનું સામે આવ્યું હતું.

હત્યાના ગુનામાં પેરોલ મેળવી ફરાર થયેલ રણજીત પરમાર ઝડપાયો

રાજકોટ:હત્યાના ગુનામાં પેરોલ મેળવી ફરાર થયેલ રણજીત પરમારને કાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો હતો. સાધુ વાસવાણી રોડ પર પોલીસ ફરિયાદનો ખાર રાખી સોહિલ બુકેરાનું ઢીમ ઢાળી દિધું હતી. રાજ્ય પોલીસ વડા દ્વારા પેરોલ જમ્પ, ફરાર કેદીઓને પકડવા સારૂ વિશેષ ડ્રાઈવ યોજેલ હોય, જે અનુસંધાને શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડિસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને એસીપી (ક્રાઈમ) ભરત બસીયાએ શહેર તેમજ ગુજરાત રાજયના પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી કાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવની રાહબરીમાં પીએસઆઈ એ.એન.પરમાર ટીમ સાથે તપાસમાં હતાં .ત્યારે હેડ કોન્સ્ટેબલ મોહીલરાજસિંહ ગોહીલ, અર્જુનભાઈ ડવ અને કોન્સ્ટેબલ ગોપાલભાઈ પાટીલ, મયુરધ્વજસિંહ જાડેજાને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ એનાલીસીસના આધારે નીચે કાચા કામનો ફરાર કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ હોય જે ફરાર કેદી રણજીત લાભુ પરમાર (ઉ.વ.૨૨, રહે. વાડીવાળા કવાર્ટર, બ્લોક નંબર-૩૪/૬૦૬, ગુરુજીનગર સાધુવાસવાણી રોડ) ને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી રાજકોટ રાજકોટ મધ્યસ્થ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩ માં સાધુવાસવાણી રોડ પર ગુરુજીનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં સોહીલભાઈ બુકેરા (ઉ.વ.૨૫) નામના યુવક પર રણજિત પરમાર, ફૂલદીપ બારૈયા, મહાવીર વાળા, મયુરીબા રણજિત પરમાર અને અજાણ્યાં શખ્સોએ નવેક મહિના પહેલા રણજીત પરમારના ભાઈ પારસ પરમાર સાથે સોહીલને મજાક મશ્કરી કરતા બન્ને વચ્ચે ગાળા-ગાળી થતા જ ઝગડો થયેલ હતો.જેમા બન્ને પક્ષે પોલીસ ફરીયાદ થયેલ હોય જેનો ખાર રાખી આરોપીઓએ ધોકા-પાઈપ અને છરીથી જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી રણજિત પરમાર સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. બાદમાં સારવારમાં રહેલ સોહિલ બુકેરાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજતાં બનાવ હત્યામાં પલટયો હતો.

મોરબી જિલ્લામાં ત્રણ યુવાનોના અપમૃત્યુ

પત્ની સાથે ઝઘડા બાદ એક યુવકનો આપઘાત, બે યુવક ઊંચાઈ પરથી પડ્યા

મોરબી: મોરબી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ નોંધાયા છે. હળવદના કાવડિયા ગામે પત્ની સાથેના ઝઘડા બાદ એક યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જ્યારે મોરબી શહેર અને તાલુકામાં જુદી જુદી જગ્યાએ ઊંચાઈ પરથી પડી જવાથી બે યુવાનોના મોત થયા છે.

હળવદ તાલુકાના કાવડિયા ગામે રહેતા અનિલભાઈ ઉર્ફે ચાચું ખોડાભાઈ ચારોલા (ઉંમર ૩૦) નામના યુવાને પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક અનિલભાઈને તેમની પત્ની સાથે ઝઘડો થયો હતો. આ બાબત મનોમન લાગી આવતા તેમણે આ અંતિમ પગલું ભર્યું હતું. ઘટના બાદ તેમના મૃતદેહને મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલ દ્વારા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનને જાણ કરાતા પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મોરબીના નવલખી રોડ પર આવેલ રોયલ પાર્કમાં રહેતા તરુણભાઈ વાસુદેવભાઈ પંડ્યા (ઉંમર ૪૩) ગઈકાલે સાંજે પોતાના ઘરે અગાસી પર હતા. અગાસી પર તેમને ચક્કર આવતા તેઓ નીચે પટકાયા હતા. તેમને શરીરે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક આયુષ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનને જાણ કરાતા પોલીસે બનાવની નોંધ કરી રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

નાણાવટી ચોકમાં નાઈન એવન્યુમાં લિફ્ટ બાબતે બે પરિવાર બાખડ્યા : બે મહિલાને ઈજા

રાજકોટ:નાણાવટી ચોકમાં નાઈન એવન્યુમાં લિફ્ટ બાબતે બે પરિવાર બાખડ્યા હતા. જેમાં બે મહિલાને ઈજા થઈ હતી. યુનિવર્સીટી પોલીસમાં સામસામી ફરિયાદ નોંધાઈ હતી. બંને ઈજાગ્રસ્ત સિવિલમાં દાખલ છે ફરિયાદમાં તેજલબેન મેહુલકુમાર ઓઝા (ઉ.વ.૩૩)એ જણાવ્યું કે, હું મૂળ મેંગલોર(કર્ણાટક) ખાતે રહું છું. પણ છેલ્લા એક મહિનાથી મારા પિયર રાજકોટમાં નાણાવટી ચોક, ૯ એવન્યુ સી- વિંગમાં રહું છું. ગત રાત્રીના નવેક વાગ્યાની આસપાસ હું મારા ઘર પર હતી ત્યારે મારા ઘરની નીચે પાર્કિંગમાં મારા નાનાભાઈ દર્શનભાઈ તથા ભાર્ગવભાઈના પિતા તથા દર્શનભાઈ વ્યાસ મોટી લિફ્ટ ચાલુ કરવા બાબતે વાતચીત કરતા હોય જે દરમિયાન મારા નાના ભાઈનું મને ફોન આવેલ અને મને જણાવેલ કે તમે અને મમ્મી બંને નીચે પાર્કિંગમાં આવો.જેથી પાર્કિંગમાં હું તથા મારા મમ્મી વંદનાબેન અમે અમો બંને જણા નીચે પાર્કિંગમાં ગયેલ જ્યાં આગળ મારા નાનાભાઈ સાથે ભાર્ગવ, અમિત તથા ભાર્ગવના પપ્પા અમારી સાથે જેમ ફાવે તેમ બોલાચાલી કરવા લાગેલ. ભાર્ગવ મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ. ધક્કામુક્કીમાં હું નીચે પડી ગયેલ. જેથી મને હાથે પગે મુંઢ ઈજા થયેલ. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલ જે દરમિયાન આ ભાર્ગવભાઈએ મારા નાનાભાઈ દર્શનભાઈ ને કહેલ કે તને તો હું જોઈ લઈશ તને હું જાનથી મારી નાખીશ તેમ ધમકી આપેલ. મને રાજકોટ સિવિલમાં દાખલ કરાઈ હતી. આ બનાવ કમિટીના મેમ્બર્સને લીફ્ટ બાબતે જાણ કરતા બન્યો હતો.